# અળસિયાના ખાતરનું ઉત્પાદન



નામ : રાઘવેન્દ્રસિંહજી જાડેજા
ગામ : ભડવા
તાલુકો : કોટડા- સાંગાણી
જીલ્લો : રાજકોટ
મો. ૯૪૨૭૭ ૨૯૨૦૧

ઉંમર : ૬૦ વર્ષ
અભ્યાસ : ૧૦ પાસ
ખેતી અને પશુપાલન : ૪૦ વર્ષથી
જમીન : ૩૬ એકર
પાક : ઘઉં, કપાસ,મગફળી
પશુઓ : ગીરગાય – ૨૫, ગીર બળદ -૪

શ્રી રાઘવેન્દ્રસિંહજી જાડેજાએ રાજકોટ જીલ્લાના કોટડા- સાંગાણી તાલુકાના ભાડવા ગામના પ્રગતિશીલ અને ઉત્સાહી ખેડૂત છે. તેઓ અવાર-નવાર કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, જુ.કૃ.યુ., તરઘડીયા ખાતે ચાલતી તાલીમો, સેમિનાર, કૃષિ ટેકનોલોજી સપ્તાહમાં ભાગ લઇ અને કઈક અવનવું કરવા માટે હંમેશા તત્પર રહે છે. તેઓએ કૃષિ વિજ્ઞાન કેન્દ્રના વૈજ્ઞાનિકોના માર્ગદર્શન હેઠળ વર્મીક્મ્પોસ્ટીગ યુનિટ દ્વારા આશરે ૨૦૦૦ કિલોગ્રામ / માસ તેમજ ૨૦૦ કિલોગ્રામ અળસિયા / માસ તૈયાર કરી બજારમાં વહેચાણ કરી આશરે રૂપિયા ૨૦,૦૦૦/- પ્રતિમાસ કામણી કરે છે.

જેઓ દરવર્ષે પોતાના ખેતરમાં ઑર્ગેનીક શેરડીનું ઉત્પાદન કરીને "ઓર્ગેનિક ગોળ" તૈયાર કરી સારી એવી આવક મેળવતા થયા છે. આંબળાની મુલ્યવૃધિ કરીને પણ ઘણું સારું ઉત્પાદન કરતા થયા છે.

શ્રી રાઘવેન્દ્રસિંહજીને કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, જુ.કૃ.યુ., તરઘડીયા દ્વારા જીલ્લાના શ્રેષ્ઠ ખેડૂત તરીકેનો "કિસાન સન્માન એવોર્ડ" ગુજરાત રાજ્ય સરકારશ્રી તરફથી રૂ|.૫૦,૦૦૦/- નો સરદાર પટેલ એવોર્ડ, આસ્પી ફાઉન્ડેશન ટ્રસ્ટ મુંબઈ દ્વારા "બેસ્ટ ફાર્મસ ઓફ ધ યર" નો રૂ|. ૧,૦૦,૦૦૦/- નો એવોર્ડ તથા ઈજિપ્ત ખાતે કૃષિ ગોષ્ઠીમાં હાજર રહી તેઓ સન્માનિત થયેલ છે.

તેઓ દ્વારા શુદ્ધ ગીર ઓલાદની ગાયોનું સંવર્ધન કરી વૈજ્ઞાનિક ઢબે પશુપાલનનો વ્યવસાય કરવો, ઔષધિય પાકોની વૈજ્ઞાનિક ખેતી, અળસિયા દ્વારા સેન્દ્રીય ખાતર બનાવવું , એકમ વિસ્તારમાં વધુમાં વધુ કપાસના છોડનું વાવેતર કરી મહતમ ઉત્પાદન મેળવવું, ઘઉંમાં મુલ્ય વુદ્ધિ માટે ગ્રેડીગ મશીન વસાવી ગુણવતાયુક્ત ઘઉંનું વહેચાણ કરવું જેવી વિવિધ પ્રવૃતિઓ કરે છે.

શ્રી રાઘવેન્દ્રસિંહજીનું આ કાર્ય જોઇને ગામના અન્ય લોકો પણ આ કાર્ય કરવા માટેની પ્રેરણા લઈને ઓર્ગેનિક ઉત્પાદનો કરવા માટે તૈયાર થયા છે તેમજ ગામના તમામ ખેડૂતો ઘઉના ગ્રેડીગ મશીનનો લાભ લઇ ગુણવતાયુક્ત ઘઉંનું વહેચાણ કરતા થયા છે.



